# સરકારે આરોગ્ય ક્ષેત્રે વધુ પ્રચાર-પ્રસાર કરવાની જરૂર છે

વ્યક્તિત્વના વિકાસ માટે શિક્ષણ અને આરોગ્ય ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. માટે જ દરેક નાગરિકને શિક્ષણ અને આરોગ્યની સેવા સસ્તી અને ગુણવત્તાયુક્ત મળી રહે તેવી સવલતો ઊભી કરવાની જ્વાબદારી સમાજ અને સરકાર બંનેની છે. શિક્ષણ અને આરોગ્ય દરેક નાગરિકને સમાન ધોરણે સરળતાથી અને ગુણવત્તાયુક્ત જ્યાં મળી રહે ત્યાં જ વ્યક્તિનો વિકાસ થાય. જ્યાં વ્યક્તિનો વિકાસ થાય ત્યાં સમાજ અને દેશનો વિકાસ થાય. આ માટે સમાજ અને સરકારના સહિયારા પુરુષાર્થની જરૂર છે. સરકાર નાગરિકો માટે છે, સરકારના પ્રયત્નોમાં નાગરિકે વિશ્વાસ રાખીને, સહકાર આપીને, સગવડતા મેળવવાના પ્રયત્નો કરવા જોઈએ.

અત્યારે સરકાર દ્વારા આરોગ્ય ક્ષેત્રે ઘણી યોજનાઓ ખૂબ જ સારી છે. જેમકે, મુખ્યમંત્રી અમૃતમ, રોગી કલ્યાણ સમિતિ, બાલસખા, જનની સુરક્ષા યોજના, રોગ પ્રતિ રક્ષક યોજના, પ્રસૂતિ યોજના વગરે. આ બધી યોજનાઓ આર્થિક રીતે નબળા પરિવારો માટે છે. જેથી આ યોજનામાં આર્થિક રીતે ઉચ્ચવર્ગ સામેલ થતો નથી. ત્યારે ક્યારેક આવી યોજનાઓ વિરુદ્ધ ખોટી અફવાઓ પણ ફેલાય છે. કોઈપણ યોજના માત્ર ગરીબ માટેની બની ના રહેવી જોઈએ. ભલે તેનો લાભ આર્થિક ઉચ્ચવર્ગના લોકોને ના આપવામાં આવે. પણ આર્થિક રીતે ઉચ્ચવર્ગના લોકોને વિશ્વાસમાં લેવા જોઈએ. તેમની માનસિકતા એવી છે કે, આ યોજનાઓ ગરીબો માટે છે, જેથી ત્યાં ગુણવત્તાયુક્ત સેવા ના મળે. જેનો ફેલાવો કે અફવાઓ તેઓ ફેલાવે છે. જેને નિમ્ન આર્થિક લોકો તરત જ સ્વીકારી લે છે. જો આ માનસિકતા બદલાશે તો તેની અસર આર્થિક રીતે નિમ્નવર્ગ પર ખૂબ જ હકારાત્મક પડશે. જેથી સરકારે આવી યોજનાઓની પૂરતી જાણકારીનો પ્રચાર-પ્રસાર ગ્રામ્ય કે આર્થિક નબળા વિસ્તારોની સાથે સાથે શહેરી અને આર્થિક ઉચ્ચવર્ગમાં પણ કરવી જોઈએ.

આપણાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓક્ટોબર ૨૦૧૭માં વડનગરમાં એક મોબાઈલ અને વેબ આધારિત એપ લોન્ચ કરી હતી.જે ટેકોના નામથી ઓળખાય છે. આ એપનો ઉપયોગ કરવા માટે રાજ્યના તમામ ૧૦૭૯૩ સ્ત્રી સ્વાસ્થ્ય કાર્યકરને મોબાઇલ એપ્લિકેશન સાથે સ્માર્ટ ફોન આપવામાં આવેલ છે. ટેકોના ડેટા બેઝને આધારે માતા મરણ, સંસ્થાકીય પ્રસૂતિ, જન્મ સમયે જાતિ પ્રમાણ, સગર્ભા સ્ત્રીઓમાં એનેમીયા, જન્મ સમયે અઢી કિલોથી ઓછું વજન ધરાવતા બાળકો, કૂપોષિત બાળકો, રસીકરણ વગેરેની માહિતી દરરોજની દર મિનિટે જોવા મળે છે. આ એપ દરેક ગુજરાતીએ જોવા જેવી છે. ધારોકે, કોઈ સ્ત્રી બાળકને જન્મ આપે છે. તો ક્યાં જીલ્લામાં, ક્યાં ગામના ક્યાં મહોલ્લામાં એ દર્દી છે તેની વિગત બતાવશે. સાથે બાળકનું વજન, બાળકની જાતિ વગેરે પણ જોવા મળશે. આ એપ આરોગ્ય તંત્રના અધિકારીઓને કામગીરીના મોનીટરીંગમાં ખૂબ ઉપયોગી પુરવાર થઈ રહી છે. ઉપરાંત કર્મચારીઓની હાજરીનું મોનિટરિંગ, સેવાઓની ગુણવત્તાની ચકાસણી વગેરે માટે આ એપ ખૂબ જ ઉપયોગી છે. આમછતાં ક્યારેક કર્મચારીમાં ડેટા બતાવે છે તે ડેટા ઉચ્ચા અધિકારી સુધી નથી પહોંચતા. આવું ક્યારેક જ થાય છે, પણ કેમ થાય છે તે શોધી તેનો નિવેડો લાવવો જરૂરી છે.

હાલમાં ગુજરાતમાં આરોગ્ય વિભાગના કમિશ્નર ડો.જયંતી રવિ છે. તેઓ જ્યારે શિક્ષણમાં કમિશ્નર હતાં ત્યારે તેમણે 'સપ્તધારા' નામનો કાર્યક્રમ કે અભિગમ શરૂ કરાવેલ. જે અભિગમ તેમણે આરોગ્ય સેવામાં પણ દાખલ કરેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ કર્મચારીઓને વધુ સંવેદનશીલ, વધુ નિષ્ઠાવાન બનાવવા અને તેમના રસ અને કૌશલ્યને ઉજાગર કરી, પ્રોત્સાહન પૂરું પાડવું છે. 'સપ્તધારા' કાર્યક્રમમાં કલાના સાત પ્રવાહો જેવા કે, રંગકલા, સર્જનાત્મક્તા, સંગીત, નાટક, નૃત્ય, રમતગમત/યોગ અને જ્ઞાનનો સમાવેશ કરવામાં આવેલ છે. જેના દ્વારા આરોગ્ય સૂચકાંકોમાં સુધારણા લાવવા માટેની જાગૃતિ અને પ્રયત્નોને વેગ મળશે એવી અપેક્ષા છે. સપ્તધારા

દ્વારા આરોગ્ય પ્રણાલીમાં ઉપલબ્ધ હાલના આરોગ્ય સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગ કરવાનો છે.. ઘણા આરોગ્ય અધિકારીઓ અને કાર્યકરો આ કલાના વિવિધ ક્ષેત્રોમાં રસ ધરાવે છે. પરંતુ ઘણી વાર તેઓ તકના અભાવને કારણે તેમના રસને વ્યક્ત કરવામાં અસમર્થ રહેશે. . સપ્તધારા કાર્યક્રમ તેમને તેમની કુશળતા વ્યક્ત કરવા અને સમાજની સુધારણા માટે તેનો ઉપયોગ કરવા માટેનું એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ માટે જરૂરી સગવડતાઓ પણ ઊભી કરવામાં આવી છે અને કર્મચારીઓને તાલીમ પણ આપવામાં આવે છે.

ગુજરાતભરમાં આશા વર્કરો સરાહનીય કામગીરી કરી રહ્યા છે. તેઓ દિલ અને નિષ્ઠાથી કામ કરે છે., પણ એક મત મુજબ  આશા વર્કરના સુપરવાઇઝર – ફેસિલિટેટરની જરૂર લાગતી નથી. આ ફેસિલિટેટર બધા જ કામ આશાવર્કરો પાસે જ કરાવે છે અને પગાર મોટો લે છે. તો તે પોસ્ટ દૂર કરી તે કામગીરી ફિમેલ હેલ્થ વર્કરને આપી શકાય અને આશા વર્કરોનો પગાર વધારી શકાય.  ઉપરાંત મહિલા આશા વરકરોને ચોક્કસ યુનિફોર્મ છે, તો ભાઈઓને કેમ નહીં? જો ભાઈઓમાં પણ યુનિફોર્મ હશે તો તેઓ ચોક્કસ સમયે ફરજ પર  છે કે કેમ તેનો ખ્યાલ લોકોને પણ આવશે, તેમની પર સમય બાબતે દબાણ ઊભું કરી શકાશે, તેઓ વધુ નિયમિત બનશે. તેવી જ રીતે એક જ દવાખાનામાં કામ કરતા પુરુષોને બીજા અને ચોથા શનિવારે રજા હોય છે, જ્યારે બહેનોને દરેક શનિવારે ફરજ પર  આવવું પડે છે. આમ કરવા પાછળના તર્કની સ્પષ્ટતા થવી જોઈએ. જેથી બહેનોને અન્યાય થઈ રહ્યો છે તેમ ના લાગે.

આશાવર્કરો કે અન્ય આરોગ્ય કર્મચારીઓ સાથે સતત વાતચીત અને માર્ગદર્શન માટે સેટકોમ (સેટેલાઈટ કમ્યુનિકેશન) ની કામગીરી પ્રસંશનીય રીતે ચાલી રહી છે. જેમાં ગાંધીનગરથી બાયસેગ દ્વારા દર  શનિવારે આરોગ્યના કર્મચારીઓ સાથે નિષ્ણાતો કે અધિકારીઓ વાતચીત કરે છે, માર્ગદર્શન આપે છે.. જેમાં આરોગ્ય ચેતના, રોલ પ્લે, ડ્રામા, કેસ સ્ટડી, ક્વિઝ, કર્મચારીની કુશળતાનું નિદર્શન, પ્રેઝન્ટેશન વગેરે જેવી વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરીને અને મેટરનીટી હેલ્થ, પોષણ, બાળ આરોગ્ય, રોગચાળો, જીવનના પ્રથમ 1000 દિવસ વગેરે જેવા અનેક વિષયો પર ચર્ચા કરીને જાગૃતિ લાવવાનો પ્રયત્ન થાય છે.

ઉપરોક્ત રીતે જોતાં સરકાર દ્વારા આરોગ્ય ક્ષેત્રે ઘણી પ્રસંશનીય કામગીરી થઈ રહી છે. આમ છતાં ઘણી યોજનાની જાણકારી સમાજના તમામ વર્ગના લોકો સુધી નથી એ વાસ્તવિક્તા છે. આ માટે સરકારે આરોગ્ય ક્ષેત્રે વધુ જાગૃતિ લાવવા હજુ વધુ પ્રચાર અને પ્રસારની જરૂર છે. જે માટે માત્ર જાહેરાતો નહીં ચાલે, સમાજની વચ્ચે પણ જવું પડશે. આ માટેનો સૌથી સારો ઉપાય કે રસ્તો શાળા કોલેજો પણ છે. શાળા કોલેજોમાં આરોગ્યને લગતી સેવાઓ કે યોજનાઓ અંગેની માહિતી દરેક વિદ્યાર્થી સુધી પહોંચાડવામાં આવે તો તે માહિતી સમાજના દરેક વર્ગ અને દરેક વ્યક્તિ સુધી પહોંચશે.

અંતે એક સૂચન, જો સરકારમાં હિમત હોય તો અમલ કરી બતાવે. જેમ શાળા-કોલેજોમાં ફી નિયમન કમિટી બનાવીને ચોક્કસ માત્રામાં ફી નક્કી કરવામાં આવી છે. તેમ હોસ્પિટલો માટે પણ એક ફી નિયમન કમિટી બનાવીને ગુજરાતમાં આવેલ દરેક હોસ્ટપિટલની ફી નક્કી કરવામાં આવે. તો ઊઘાડેશોગે લૂંટાતા દર્દીઓ લૂંટાય નહીં.   ઉપરાંત પ્રાઈવેટ પ્રેકટીશ કરતાં ડોક્ટર દર્દીઓ પાસે વીઝીટીંગની ફી લે છે, પણ તેની પહોંચ આપતા નથી. આ રીતે મોટી કમાણી કરતાં હજારો  ડોક્ટર ટેક્સ ચોરી કરે છે. જે માટે પણ સરકારે ચોક્કસ વ્યવસ્થા કરીને ટેક્સ નહીં ભરતા ડોક્ટર્સ પાસેથી ટેક્ષ વસૂલ કરે અને તે આવકનો ઉપયોગ આરોગ્ય  સેવામાં કરવામાં આવશે તો સમાજને ઘણો ફાયદો થશે.